વર્લ્ડ ડાયાબિટીસ ડે : સાબરકાંઠા-અરવલ્લીમાં ચાર લાખથી વધુ દર્દી

બાળકોમાં ભયજનક રીતે વધતું ડાયાબિટીસનું પ્રમાણ

બાયડ(બ્યુરો ઓફિસ) તા.૧૫

સાબરકાંઠા-અરવલ્લી જિલ્લામાં તા. ૧૪ નવેમ્બરે વર્લ્ડ ડાયાબિટીસ ડેની ઉજવણી કરવામાં આવી. એન.જી.ઓ. સહિત આરોગ્ય વિભાગ દ્વારા ચેકઅપ કેમ્પ યોજવામાં આવ્યા હતા. સતત તણાવ હેઠળ કામ કરતા લોકોમાં ડાયાબિટીસનું પ્રમાણ સતત વધી રહ્યું છે. એક અંદાજ અનુસાર બંને જિલ્લામાં ડાયાબિટીસના ૪ લાખથી વધુ દર્દીઓ હોવાનું જાણવા મળ્યું છે.

ખાનીપીણી તેમજ સતત તણાવ હેઠળ જીવવાના કારણે માનવ શરીર અનેક રોગોનું ઘર બની રહ્યું છે. જિલ્લામાં પાછલા ૫ વર્ષમાં આંકડા ઉપર નજર કરીએ તો ડાયાબિટીસ, કેન્સર, હાઈપર ટેન્સનના દર્દીઓની સંખ્યામાં સતત ઉછાળો જોવા મળી રહ્યો છે. જ્યારે અધિકાંશ લોકો ડિપ્રેશનનો શિકાર બન્યા છે. દર વર્ષે જે-તે રોગના દર્દીઓનો સાચો આંકડો જાણવા માટે આરોગ્ય વિભાગ દ્વારા પ્રયાસ નામે માત્ર દેખાડા થતાં આવ્યા છે. બેનરો ચિપકાવી ફોટા પડાવી સંતોષ માની લેવામાં આવે છે. પરંતુ જમીની હકીકત ચકાસવામાં આવે તો અનેક વિસ્ફોટ વિગતો જાણવા મળે. જિલ્લામાં અનેક અસાધ્ય રોગમાં પીડાતા દર્દીઓની સંખ્યા સતત વધી રહી છે અને તેના કારણે સતત હોસ્પિટલો અને દવાખાના વધી રહ્યા છતાં દવાખાનાઓમાંથી ભીડ ઓછી થતી નથી. સમગ્ર દેશ અને ગુજરાતમાં ડાયાબિટીસનું પ્રમાણ સતત વધી રહ્યાના ચોંકાવનારા મેડિકલ અહેવાલ છે. સાબરકાંઠા-અરવલ્લી જિલ્લામાં વર્લ્ડ ડાયાબિટીસ ડેની ઉજવણી કરવામાં આવી હતી. લાયન્સ, લીઓ, જાયન્ટસ તેમજ અન્ય સેવાભાવી સંસ્થાઓ દ્વારા ડાયાબિટીસ ચેકઅપ કેમ્પનું આયોજન થયું. જેમાં બાળકો અને યુવાઓમાં પણ મધુપ્રમેહ તરીકે ઓળખાતાં ડાયાબિટીસનો રોગચાળો સતત વકરી રહ્યો છે. ડોક્ટરોએ પણ ડાયાબિટીના વધતા દર્દીઓને લઈને ચેતવણી આપી છે. પ્રજાએ પોતાની જીવન શૈલી અને

ખાનીપીણીમાં સુધારો લાવવો પડશે નહિતર આવનારા ૧૦ વર્ષમાં સાબરકાંઠા-અરવલ્લી જિલ્લામાં ડાયાબિટીસથી પીડાતા દર્દીઓની સંખ્યામાં ૧૦ થી ૧૨ ટકાનો વધારો થવાની આશંકા વ્યક્ત કરી છે.

સાબરકાંઠા-અરવલ્લી જિલ્લામાં ઠંડીનું જોર વધ્યું

પરોઢે લઘુત્તમ તાપમાન ૧૪ ડિગ્રી, આગામી દિવસોમાં પારો વધુ ૨ ડિગ્રી ગગડશે

બાયડ(બ્યુરો ઓફિસ) તા.૧૫

લગ્નસરાની સિઝનની શરૂઆતની સાથે ઠંડીનું જોર વધતાં રાત્રિના લગ્નમાં જાનૈયાઓ અને આમંત્રિતોને ગરમ વસ્ત્રોમાં સજ્જ થવું પડે તેવી સ્થિતિ આવી છે. સોમવારથી લગ્નની મોસમ પૂરબાર ખીલી અને મખમલી ઠંડીની શરૂઆત થતાં પરોઢે લઘુત્તમ તાપમાન અનેક વિસ્તારોમાં ૧૪ ડિગ્રી રહ્યું હતું અને બપોર બાદ પારો ઉંચકાતા મહત્તમ તાપમાન ૨૭ ડિગ્રીને પાર કરી ગયું હતું. ઠંડી પ્રકોપના કારણે એક સપ્તાહ પછી જેમના ત્યાં લગ્ન યોજાવાના છે તેવા પરીવારોએ આધુનિક તાપણાં સહિત વધુ ફ્લડ લાઈટની આયોજન કર્યાનું જાણવા મળ્યું છે.

જિલ્લામાં અકંદરે નબળા ચોમાસા પછી ઠંડી માફકસરણી રહેશે તેવી સંભાવના વ્યક્ત કરી હતી. પરંતુ હવામાન વિભાગે પણ આ વર્ષે કાતિલ ઠંડી માટે પ્રજા તૈયાર રહે તેવી ચેતવણી આપેલી છે. જિલ્લામાં પાછલા બે દિવસથી સમીસાંજથી પરોઢ સુધી ઠંડીનો ચમકારો વધુને વધુ પ્રભાવી બની રહ્યો છે. ઠંડીની તિવ્રતા વધવાની સાથે લગ્નસરાના અવસરો પણ શરૂ થયા છે અને સાબરકાંઠા-અરવલ્લી જિલ્લાની ૪૯૮ ગ્રામ પંચાયતોની સામાન્ય ચુંટણી માટે તા. ૨૦ નવેમ્બર પછી ચુંટણી અંગેનું જાહેરનામું બહાર પાડવાની સંભાવના છે જેથી ઠંડીમાં ચુંટણીનો ગરમાવો અનુભવાશે. હવામાન વિભાગનું માનીએ તો સાબરકાંઠા-અરવલ્લી જિલ્લામાં લઘુત્તમ તાપમાન ૩ થી ૬ ડિગ્રી થવાની સંભાવના છે. જેથી વાયરલ રોગચાળો પણ વકરે તેવી દહેશત છે. જિલ્લાના જળાશયોમાંથી સિંચાઈ માટે પાણી છોડવાની શરૂઆત થઈ છે જેથી આગામી પખવાડિયામાં વાવેતર વિસ્તાર વધશે જેથી ઠંડી પણ વધુ પ્રભાવી બને તેવી સંભાવના જોતાં તા.૨૫ નવેમ્બર પછી લગ્નસરાના અવસરમાં કડકડતી ઠંડી પ્રજાને ધ્રુજાવી શકે છે.

જિલ્લામાં ઠંડીના ચમકારા સાથે શિયાળું વાવણીનો વિસ્તાર વધ્યો

બંન્ને જિલ્લામાં અત્યાર સુધીમાં ૧૭ હજાર હેક્ટરમાં શિયાળું વાવેતર

બાયડ(બ્યુરો ઓફિસ) તા.૧૫

જિલ્લામાં શિયાળાની જમાવટ થઈ છે. વહેલી પરોઢથી ઠંડીનો ચમકારો અનુભવાતાં શિયાળુ વાવણીનો વિસ્તાર વધ્યો છે. બંન્ને જિલ્લામાં અત્યાર સુધીમાં ૧૬,૯૬૯ હેક્ટર



જમીનમાં ઘઉં, મકાઈ, શાકભાજી, ઘાસચારા સહિત શિયાળુ પાકનું વાવેતર થયાના અહેવાલ છે. જેમ ઠંડી વધશે તેમ વાવેતર વિસ્તાર હનુમાન કુદકો લગાવશે તેવું ખેતી સૂત્રો જણાવી રહ્યા છે. માંડે માંડે પણ વાવેતર માટે ફાયદારૂપ ઠંડી જામતાં ધરતીપુત્રો શિયાળુ વાવેતરમાં વ્યસ્ત થયા છે.

નબળા ચોમાસાની અસર રવી વાવેતર ઉપર અત્યારે વર્તાઈ રહી છે. ભર શિયાળે તળાવમાંથી પાણી અદ્રશ્ય થવાની સાથે બોર-કૂવાના તળ ઉંડા ઉતરી રહ્યા છે. જિલ્લામાં શિયાળાના આરંભે કેટલાક દિવસ માટે ઠંડી વિલંબમાં પડતાં શિયાળુ વાવેતર ધોંચમાં પડ્યું હતું પરંતુ હવે ઠંડીનો ચમકારો અનુભવાતાં ખેડૂતોએ વાવેતરનો ધમધમાટ શરૂ કર્યો છે. સાબરકાંઠા, અરવલ્લી જિલ્લામાં શિયાળુ વાવેતર માટે અનુકુળ વાતાવરણ ઉભું થતાં સાબરકાંઠામાં ૯૨૩૭ અને અરવલ્લી જિલ્લામાં ૭૭૩૨ હેક્ટર જમીનમાં શિયાળુ વાવેતર થયાનું ખેતી સૂત્રો જણાવી રહ્યા છે. જિલ્લામાં શિયાળાની જમાવટ થઈ જતાં સીમાડા ખેડૂતો તેમજ ખેતમજૂરોની હાજરીથી ધમધમવા લાગ્યા છે. જિલ્લાના મોટાભાગના વિસ્તારોમાં આ વર્ષે ખેડૂતોએ ઘઉં, મકાઈ તેમજ શાકભાજીના પાક ઉપર ધ્યાન કેન્દ્રીત કર્યું છે. જ્યારે દર વર્ષે શિયાળા દરમ્યાન બટાટાનું વાવેતર કરતા ખેડૂતોએ હજુ થોભો અને રાહ જુઓની નીતિ અપનાવી છે.

જિલ્લાના ૩ અધિકારીઓના ઈલુ...ઈલુ... ચર્ચામાં, કહેવાતો ચતુર હોટલના સીસીટીવી ફૂટેજ જોવા પહોંચ્યો

વિકાસના કામો કરતા પ્રેમપ્રકરણનો મુદ્દો બહુમાળી ભવનમાં હાવી થયો

બાયડ(બ્યુરો ઓફિસ) તા.૧૫

અરવલ્લી જિલ્લાના અધિકારી સામે મહિલા અધિકારીએ સાઈબર ક્રાઈમમાં ફરીયાદ નોંધાવી અને અધિકારીને સસ્પેન્ડ કરી કચ્છ બદલી કરવામાં આવી છે ત્યારે જિલ્લાના ૩ અધિકારીઓના ઈલુ..ઈલુ.. જોરદાર ચર્ચામાં છે. કહેવાતો ચતુર હોટલના સીસીટીવી ફૂટેજ જોવા ખેરવાડા, અંબાજી, છાપી અને ગાંધીનગર નજીકની હોટલમાં પહોંચ્યાની ગરમાગરમ વિગતો પ્રકાશમાં આવતાં પ્રજા અને કર્મચારીઓને તેમાં વધુ રસ પડ્યો છે. જિલ્લામાં વિકાસના કામો કરતા પ્રેમ પ્રકરણનો મુદ્દો બહુમાળી ભવનમાં વધુ હાવી થયો છે જ્યારે વાહનચાલકોને ખંખેરતો ધવલ આશ્ચર્યજનક રીતે હોંશીયામાં ધકેલાયા પછી આગામી એક સપ્તાહમાં તેની બદલીની લોકવાયકા પ્રસરી છે.

જિલ્લાની અનેક સરકારી કચેરીઓમાં મહિલા અધિકારી અને કર્મચારીઓની નિયુક્તિ પછી વહીવટમાં સુધારો આવ્યો છે તે ક્યારેય પણ નજરઅંદાજ ન કરી શકાય. પણ કેટલાંક કિસ્સાઓમાં મહિલાઓના કારણે જેતે વિભાગની બદનામી પણ થતી હોય છે. જેથી મહિલા કર્મચારીઓ ફરજ બજાવતી હોય તેમના પરીવારોમાં અનેક પ્રકારની શંકાઓ ઉભી થતી હોય છે અને નોકરી કરતી મહિલાઓને તલવારની ધાર ઉપર ચાલવું પડે તેવી સ્થિતિ એકાદ બે વગોવાયેલી મહિલા અધિકારી અને કર્મચારીઓના કારણે આવી પડતી હોય છે. જિલ્લામાં અગાઉ કેટલાંક મહિલા કર્મચારીઓના ઈલુ...ઈલુ... પ્રકાશમાં આવ્યા પછી બે દિવસ અગાઉ હિંમતનગરમાં પણ મહિલા કર્મચારીના ચારિત્ર્ય ઉપર શંકા કરી અન્ય સરકારી કર્મચારીનું અપહરણ કરી ફટકારવામાં આવ્યો હતો. પરંતુ તેના કરતા પણ સનસનાટી મચાવી દે તેવા પ્રકરણો ડિસેમ્બરના અંત પહેલા પ્રકાશમાં આવી શકે છે. અત્યારે તો જિલ્લાના ૩ અધિકારીઓના ઈલુ...ઈલુ... જોરદાર ચર્ચામાં છે. કેટલીક અખબારોની ઓફિસે ટાઈપ કરેલા નનામા પત્રો આવવાની શરૂ થઈ છે અને તેમાં જે આક્ષેપ કરાયા છે તેમાં અધિકારીઓને તેમની પ્રેમિકાઓએ જીન્સ-પેન્ટ, ટી-શર્ટ વગેરેની ભેટ આપી તેમને આધુનિક બનાવ્યાના પણ ગરમાગરમ ઉલ્ખ સાથે કચેરી સમય બાદ અને રજાના દિવસે પણ છાનગપતીયા ચાલતા હોવાની સાચી ખોટી વિગતો કંડારી છે. આ બધા વચ્ચે ખાનગી વાહનમાં ઈલુ...ઈલુ... કરવા ગયેલા અધિકારીએ ભગવાન શામળીયાના દર્શન કરી ક્યાં ગયા હતા તેના પુરાવા એકત્ર કરવામાં ચતુરને નાની સફળતા મળ્યાનું જાણવા મળ્યું છે જોકે આ બધા વચ્ચે બહુમાળી ભવનથી ૮૦ થી ૧૦૦ કિમી દૂર આવેલા રીસોર્ટમાં તપાસ થાય તો અધિકારી મહાશયોની પાપાચાર લીલા આસાનીથી બહાર આવી શકે છે.

ગ્રામ પંચાયતોની ચૂંટણીમાં ગુંથાયેલા વહીવટી તંત્રને વિચારવાનો સમય નથી

સાબરકાંઠા-અરવલ્લી જિલ્લાના તળાવોમાં શિયાળાના આરંભે પાણી સૂકાયાં, તળાવો ભરવા આગોતરૂ આયોજન જરૂરી

બાયડ(બ્યુરો ઓફિસ) તા.૧૫

જિલ્લામાં ગાત્રો થીજવી દેતી ઠંડીનો રાઉન્ડ શરૂ થયો નથી. ત્યારે મોટાભાગના તળાવોમાં શિયાળાના આરંભે પાણી સૂકાઈ રહ્યાં છે. ત્યારે જિલ્લાની ૪૯૮ ગ્રામ પંચાયતોની સામાન્ય ચૂંટણીમાં ગુંથાયેલા વહીવટી તંત્રએ તળાવો ભરવા આગોતરૂ આયોજન કરવું જરૂરી છે અન્યથા ભરશિયાળે મૂંગા પશુઓ માટે પીવાના પાણીની વિકટ સમસ્યા ઉભી થાય તેવી દહેશત પ્રવર્તિ રહી છે.

આ વર્ષે ઉત્તર ગુજરાત સહિત સાબરકાંઠા-અરવલ્લી

જિલ્લાના અનેક વિસ્તારોમાં ગત વર્ષ કરતાં ૩૫ ટકા ઓછો વરસાદ વરસ્યો જેના કારણે સાબરકાંઠા-અરવલ્લી જિલ્લાના તળાવો છલોછલ ભરાઈ શક્યા નહતા. ચોમાસાની વિદાય અને હવે શિયાળો બરાબર જામ્યો નથી ત્યાં અનેક તળાવોમાંથી પાણી ઓસરવાની શરૂઆત થઈ ત્યારથી ખેડૂતો અને પશુપાલકોએ ચિંતા વ્યક્ત કરી હતી. જિલ્લામાં છેલ્લા ૩ દિવસથી ઠંડીના આગમનના સંકેત મળી રહ્યા છે. આગામી સપ્તાહમાં ગાત્રો થીજવી દે તેવી ઠંડી પ્રજાને થરથર કંપાવશે. પરંતુ હાલ જિલ્લાના ૧૪ તાલુકાના ગ્રામ્ય વિસ્તારના મોટાભાગના તળાવોમાંથી પાણી અદ્રશ્ય થઈ રહ્યા છે અને જે રીતે પાણી અદ્રશ્ય થવાની સ્થિતિ વધુ ઝડપી બની છે તે જોતાં ડિસેમ્બરના અંત સુધીમાં જિલ્લાનાં ૭૦ થી ૮૦ ટકા તળાવોમાંથી પાણી અદ્રશ્ય થઈ જાય તેવી સંપૂર્ણ દહેશત સેવાઈ રહી છે. ત્યારે જિલ્લા વહીવટી તંત્રએ ચૂંટણીની કામગીરી સાથે આગામી સમયમાં મૂંગા પશુઓ માટે પીવાના પાણીનું સંકટ ઉભું થવાની સંભાવનાને ધ્યાને રાખી તળાવો ભરવા માટે અત્યારથી જ આગોતરૂ આયોજન કરવા માટે સરકાર સમક્ષ દરખાસ્ત મોકલવાનો તખ્તો તૈયાર કરવો જોઈએ તેવો જનમત પ્રવર્તિ રહ્યો છે. જિલ્લાના બાયડ, ધનસુરા, માલપુર, મેઘરજ, ભિલોડા, ખેડબ્રહ્મા, પોશીના, વિજયનગર સહિતના અનેક વિસ્તારોમાં તળાવોમાંથી ઝડપથી પાણી અદ્રશ્ય થઈ રહ્યાનું સામે આવ્યું છે.

ઉત્તર ગુજરાતમાં પ્લાસ્ટીક બેગના પ્રતિબંધનું ઉબાળીયું

રોકટોક વગર બેગનો વપરાશ અને વેચાણ

બાયડ(બ્યુરો ઓફિસ) તા.૧૫

ઉત્તર ગુજરાતમાં પ્લાસ્ટીક બેગથી પર્યાવરણ સામે જોખમ ઉભું થતાં પાલિકા વિસ્તારોમાં તેના ઉપર પ્રતિબંધ મૂકવામાં આવ્યો હતો. પરંતુ થોડાક સમય માટે બજારમાંથી પ્લાસ્ટીક બેગો અદ્રશ્ય રહ્યા પછી ખુલ્લેઆમ તેનો વપરાશ અને વેચાણ થઈ રહ્યું છે જેના કારણે પ્લાસ્ટીકનો ઘન કચરાનો નિકાલ કરવો મુશ્કેલ બન્યું છે. પાલિકા વિસ્તારોને પ્લાસ્ટીક મુક્ત રાખવાના પ્રયાસોનું જાણે કે સૂરસૂરીયું થયું હોય તેમ પ્લાસ્ટીક બેગ ઉપરાંત પાણીના ગ્લાસ તેમજ પ્લાસ્ટીકના ચા ના કપથી પર્યાવરણ સામે જોખમ ઉભું થયું છે.

શાકભાજી તેમજ અન્ય ચીજવસ્તુઓની ખરીદી સમયે વેપારીઓ ગ્રાહકોને પ્લાસ્ટીકની જોખમી બેગો પધરાવતા હોવાથી માનવ આરોગ્ય માટે તેનાથી જોખમ ઉભું થયું હતું. ઉત્તર ગુજરાતના શહેરી વિસ્તારોને પ્લાસ્ટીક મુક્ત બનાવવાના આશય સાથે કેટલીક પાલિકાઓ દ્વારા ખાસ કરીને શાકભાજીમાં ઉપયોગમાં લેવાતાં પ્લાસ્ટીકનાં ઝભલાં(બેગ) ઉપર પ્રતિબંધ મૂકવામાં આવ્યો હતો. શરૂઆતમાં પ્રતિબંધ પછી થોડાક દિવસો માટે જોખમી પ્લાસ્ટીક બેગનો વપરાશ અને વેચાણ બંધ થઈ ગયું હતું પરંતુ ત્યાર પછી પ્લાસ્ટીક બેગ ઉપરનો પ્રતિબંધ જાણે કે હવામાં ઓગળી ગયો હોય તેમ શાકભાજી તેમજ કરીયાણાની ખરીદીમાં તેનો ફરીથી ઉપયોગ શરૂ થયો છે. પાલિકા વિસ્તારોમાં પ્લાસ્ટીક બેગના પ્રતિબંધનું ઉબાળીયું થઈ ગયું હોય તેવી સ્થિતિ વચ્ચે હવે શાકભાજી, કરીયાણું તો ઠીક પરંતુ ચા માટે પણ પ્લાસ્ટીકના કપ તેમજ કોથળીઓનો વપરાશ વધી જતાં પર્યાવરણ તેમજ માનવ આરોગ્ય સામે જોખમ ઉભું થયું છે. પ્લાસ્ટીક પરનો પ્રતિબંધ માત્ર કાગળ ઉપર સિમિત રહી જતાં હાલમાં પણ અનેક વેપારીઓ પર્યાવરણ માટે સમસ્યારૂપ પ્લાસ્ટીક બેગનું વેચાણ કરતા નજરે પડી રહ્યા છે. જ્યારે પ્લાસ્ટીક બેગના ઉપયોગ પછી જ્યાં ને ત્યાં ફેંકી દેવાતી હોવાથી મૂંગા પશુઓ પ્લાસ્ટીક બેગ પેટમાં પધરાવી દેતાં હોવાથી પશુઓના મોતના કિસ્સા પણ વધ્યા છે ત્યારે જવાબદાર તંત્ર પાલિકા વિસ્તારોમાં પ્લાસ્ટીક બેગ ઉપરના પ્રતિબંધનો કડક અમલ કરાવે તેમજ જ્યાં..ત્યાં ફેંકી દેવાતા પ્લાસ્ટીકનો ઝડપથી નિકાલ લાવવાની વ્યવસ્થા ગોઠવે તે જરૂરી બન્યું છે.

ગાબટ નાગરીક બેંકના આંતરીક ઓડિટર તરીકે ઉમેશભાઈ પંડયાની નિયુક્તિ

બાયડ(બ્યુરો ઓફિસ) તા.૧૫ બાયડ તાલુકાના ગાબટની અગ્રીમ હરોળની સહકારી સંસ્થા ધી ગાબટ નાગરીક બેંકના આંતરીક ઓડિટર તરીકે ગ્રામ પંચાયતના પૂર્વ ઉપસરપંચ, ગાબટ કેળવણી મંડળના મંત્રી ઉમેશભાઈ રતિલાલ પંડ્યાની નિયુક્તિ થતાં વેપારીઓ, સભાસદો, થાપણદારો, કમીટી સભ્યો અને સહકારી આગેવાનોએ તેમની નિયુક્તિને આવકારી અભિનંદન પાઠવ્યા છે.

ઐઠોર ગામે ઉઘરાણીના મામલે મારામારીના કેસમાં બે વર્ષની સજા

ઊંઝા, તા. ૧૫

ઊંઝા નજીકના ઐઠોર ગામે પાંચ વર્ષ પૂર્વે નાણાંની ઉઘરાણી બાબતે એક વ્યક્તિ પર થયેલ હૂમલાના કેસમાં ઊંઝા કોર્ટ દ્વારા એક આરોપીને બે વર્ષની સજાનો હૂકમ થયેલ છે.

વિગત એવી છે કે સને ૧૦૧૬માં ઐઠોર ખાતે રહેતા અલ્પેશભાઈ જેઠાભાઈ પરમાર પર ગામના જ કેટલાક ઈસમોએ નાણાંની ઉઘરાણી બાબતે હથિયારો વડે હૂમલો કરી સારીરિક ઈજાઓ પહોંચાડી હતી. આ અંગે ઉનાવા પોલીસે સારીરિક મહાવ્યથાનો ગુનો નોંધી આરોપીઓની ધરપકડ કરી હતી. આ કેસ નામદાર ઊંઝા કોર્ટમા ચાલી જતાં સરકારી વકિલ વિજયભાઈ બી. બારોટની દલિલોને ધ્યાનમાં લઈને અધિક ચીફ જ્યુ. મેજીસ્ટ્રેટ હિરેન જે. ઠાકરે આરોપી સચિન બળવંતભાઈ પરમારને ઈ.પી.કો. કલમ ૩૨૪ અન્વયે બે વર્ષની સખત કેદની સજા તથા પાંચ હજાર રૂપિયાનો દંડની સજાનો હૂકમ કરેલ છે.

ઉત્તર ગુજરાતના ખેડૂતોની ખેતીને ઔદ્યોગિક દરજ્જો આપવાની માંગ

શ્વેતક્રાંતિ માટે સહકારી આગેવાનોનું અમૂલ્ય યોગદાન

હિંમતનગર તા.૧૫

ઉત્તર ગુજરાતની ૧૪૫૦ અને રાજ્યની ૧૦,૫૦૦ ગ્રામ પંચાયતની સામાન્ય ચુંટણી ડિસેમ્બરના અંત પહેલા યોજાવાની છે. રાજકીય પક્ષો પોતાના સરપંચ પદના ઉમેદવારો મેદાનમાં ઉતારવાની ગણમથલમાં પડ્યા છે ત્યારે ઉત્તર ગુજરાતના ખેડૂતોની ખેતીને ઔદ્યોગિક દરજ્જો આપવાની માંગ સામે આવી છે. ભા.જ.પ. હોય કે કોંગ્રેસ કે પછી રાજપા સરકાર પરંતુ સૌએ ખેડૂતોને સોહામણાં સ્વપ્નો દેખાડી ચૂંટણી પૂરી થયા પછી મામૂ બનાવ્યા છે પરંતુ વર્ષ ૨૦૨૨માં યોજાનારી વિધાનસભા ચુંટણીમાં ખેડૂતો પણ પોતાના મસીહા તરીકે ખરા ઉતરે તેવા રાજકીય પક્ષને તારશે તેમ જાણવા મળ્યું છે. રાજ્યમાં શ્વેતક્રાંતિ માટે સરકાર ભલે વાહવાહી મેળવતી હોય પરંતુ શ્વેતક્રાંતિ માટે સહકારી આગેવાનોનું અમૂલ્ય યોગદાન હોવાનું મોટાકોટડાના કેશુભાઈ પી. પટેલે જણાવ્યું છે. ગુજરાત રાજ્ય, દેશમાં ખેતી ક્ષેત્રે પ્રગતિશીલ રાજ્ય ગણાય છે. ગુજરાતનો ખેડૂત સાહસિક અને આગવી દ્રષ્ટીથી ખેતી ક્ષેત્રે નામના મેળવી છે. મોટાપાયે ઉત્પાદન લેવા માટે જાત મહેનત કરી વિકાસ સાધવાના પ્રયત્નો કર્યા છે. ખેતીમાંથી ઉત્પાદન થયેલ ખેતપેદાશ બજારમાં ઝડપથી વેચાય, ટેકાના ભાવો ખેડૂતોને મળે તે દ્રષ્ટીનું આયોજન થતું પરંતુ આજે માત્ર સગવડીયું આયોજન થઈ રહ્યું છે. ખેતી ક્ષેત્રે ઉત્તર ગુજરાતમાં જબરદસ્ત ક્રાંતિ આવી છે અને તેનો જશ વર્તમાન સરકાર લેવાનો પ્રયત્ન કરતી હોય છે પરંતુ આજથી ૨૫ વર્ષ પહેલાં ઉત્તર ગુજરાતના સહકારી આગેવાનોએ વાવેલા બીજનો આ પ્રતાપ છે. સરકારની ચોક્કસ નીતી નથી કે ખેડૂતોને ટેકાના ભાવ કેટલા મળશે. કેશુભાઈ પટેલે જણાવ્યું કે કપાસ, મગફળી, બટાટા, ડુંગળી, શાકભાજી, મરચાં, પપૈયા, તડબૂચ, રવિ પાકો બજારમાં આવે ખેડૂતો હલ્લાબોલ કરે તો ટેકાના ભાવ નક્કી થાય. આ પરિસ્થિતિમાં વચેટીયા દલાલો માલામાલ થઈ જાય છે. ખેડૂત રાત-દિવસ કાળી મજૂરી કરી પણ તેના નસીબમાં તો દૂધના કૂચા મળે..આ નીતિથી ખેડૂતો આપઘાત કરવાના માર્ગે જઈ રહ્યા છે. રાજકીય પક્ષો ચૂંટણી ઢંઢેરામાં લેખિત અને જાહેર સભામાં લોલીપોપ આપી ખેડૂતોને ઘૂંમરાહ કરે છે. વેપારી, ટેક્ષટાઈલ, સીરામીકના ઉદ્યોગકારોની વાત તાકીદે સાંભળવામાં આવે તો ખેડૂતોની વાત કેમ સાંભળવામાં આવતી નથી..?? ખેડૂતોને પોષણક્ષમ ભાવ મળે તેવું કયા નેતા છાતી ઠોકીને રજૂઆત કરી શક્યા છે. આજે વિવિધ સંગઠનો ખેડૂતોના નામે છેતરપીંડી કરી રહ્યા છે અને એક યા બીજી રીતે બોલતી બંધ થઈ જાય છે. તો ખેડૂતોના મસીહા કોણ થશે..?? ખેડૂતના હામી સરદાર પટેલ જેવા કયા નેતા ઉભા થશે. તે ખેડૂતો માટે આજે મૂંઝવણ છે. આમ ને આમ ચાલ્યા કરશે તો એક દિવસ જગતનો તાત ક્રાંતિના માર્ગે જશે અને ગાડાં-બળદ, ગાય-ભેંસો, ટ્રેક્ટર, ખેતીના ઓજાર સાથે રોડ ઉપર ઉતરી આવશે તે પહેલાં રાજકીય પક્ષોએ ગંભીર પણે વિચારવાની તાતી જરૂરીયાત છે. તેઓએ આક્રમક તેવરમાં જણાવ્યું કે રાજકીય પક્ષો સાંભળી લો હવે લોલીપોપ ચાલશે નહીં. તેઓએ ગુજરાતને શ્વેતક્રાંતિ ક્ષેત્રે અગ્રીમ સ્થાન મળ્યું છે તે મુદ્દે જણાવ્યું કે ૨૫ વર્ષ પહેલાં સાબરકાંઠા, અરવલ્લી, બનાસકાંઠા, પાટણ, મહેસાણા જિલ્લાના સહકારી આગેવાનોએ અઢી દાયકા અગાઉ ખેડૂતોના હીતમાં ઈઝરાઈયેલ, ડેન્માર્ક, સ્વિત્ઝર્લેન્ડ, સીંગાપુર, અમેરીકા, બ્રાઝીલના દેશોની અવાર નવાર મુલાકાત લઈ ગુજરાતનો ખેડૂત આધુનિક પદ્ધતિથી ખેતી કરે, વધુ ઉત્પાદન મેળવે તે દ્રષ્ટીકોણથી કામ કરનાર ખેડૂત આગેવાનો હતા તેમ સૂચક રીતે જણાવ્યું હતું.